# દહેગામ મામલતદાર કચેરીમાં ગંદકીનું સામ્રાજ્ય

## એક વર્ષથી વોટરકૂલર બંધ, પાણી છે તો નળ નથી, નળ છે તો પાણી નથી જેવી સ્થિતિ : ગ્રાઉન્ડ ફ્લોરથી લઈ તમામ ફ્લોર પર કૂલર બંધ

ગાંધીનગર, તા. ૨૨

પ્રાથમિક સુવિધાઓનો સદંતર અભાવ રહેતા દહેગામ મામલતદાર કચેરીમાં કામ અર્થે આવતા અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સેવા સદનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. તે વખતે ઘોડિયાઘરથી લઈ અનેક સુવિધાઓ નાગરિકો માટે ખુલ્લી મુકવામાં આવી હતી. જોકે હાલમાં પરિસ્થિતિ કંઈક અલગ જ છે. યોગ્ય જાળવણીના અભાવના કારણે પ્રાથમિક સુવિધાઓનું બાળમરણ થઈ ચુક્યુ છે. કચેરી ગંદકીથી ખદબદી રહી છે અને શૌચાલયમાં જઈ શકાય તેવી પરિસ્થિતિ નથી. પાન અને મસાલાની પિચકારીઓથી દિવાલો ગંદી હાલતમાં છે અને જ્યાં જુઓ ત્યાં ગંદકી જ નજરે પડી રહી છે. માત્ર એટલું જ નહી પણ પીવાના પાણીના પણ કોઈ ઠેકાણા નથી. અરજદારોને કૂવા પાસે આવીને પણ તરસ્યા રહેવું પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. મામલતદાર પોતાની એરકન્ડીશન્ડ ચેમ્બરમાં બેસે છે એટલે સ્વાભાવિક છે કે તેમણે તરસ ન લાગે પણ બિચારા અરજદારોની હાલત કફોડી બની રહી છે. મામલતદાર કચેરીનું જાણે કે કોઈ રણીધણી ન હોય તેમ નધણીયાત બની ચૂકી હોય તેવું દશ્યમાન થઈ રહ્યું છે. તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સમયે દહેગામ મામલતદાર કચેરીનું નવું સેવાસદન ખુલ્લું મુકવામાં આવ્યું હતું અને અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જો કે જાળવણીના અભાવે અત્યારે ખંડેર બની ચૂકી છે અને જ્યાં જુઓ ત્યાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. અરજદારો પોતાના કામ માટે કચેરીમાં આવે છે ત્યારે અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. પીવાના પાણીના કોઈ ઠેકાણા નથી. ગ્રાઉન્ડ ફ્લોરથી લઈ પહેલો, બીજો અને ત્રીજા માળના વોટર કૂલર શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. પાણી છે તો નળ નથી અને નળ છે તો પાણી નથી જેવી સ્થિતિ જોવા મળી રહી છે. વોટરકુલરોના નળ પણ તુટી ગયા છે. અને તેના કનેક્શન પણ બીજે આપી દેવામાં આવ્યા છે.

હદ તો ત્યારે થાય છે કે છેલ્લા એક વર્ષથી વોટરકૂલર બંધ હાલતમાં છે. પણ તે રિપેર કરાવવાની કોઈએ આજદિન સુધી તસ્દી લીધી નથી. અરજદારો ભલેને ભર ઉનાળામાં પીવાના પાણી માટે વલખા મારતા રહ્યા અને આજે પણ બિચારા અરજદારો પાણી માટે વલખા મારે છે.

પણ મામલતદારના પેટનું પાણી પણ હલતું નથી. મામલતદાર કચેરી ગંદકીથી ખદબદી રહી છે ત્યારે અરજદારો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે, પણ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી રહી નથી. દહેગામ મામલતદાર કચેરી માટે કહેવાય છે કે નામ બડે ઓર દર્શન ખોટે. મામલતદાર કક્ષાના અધિકારી પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા હોવાની પ્રતીતિ થઈ રહી છે અને અરજદારો તોબા પોકારી રહ્યા છે.





શાકભાજી કે ફળો વેચીને ગુજરાન ચલાવતા શ્રમજીવી પરિવારો પોતાની સાથે ના છૂટકે બાળકોને રાખવા મજબૂર બને છે. આખો દિવસ મહેનત મજૂરી કરતા આ શ્રમજીવી પરિવારોના બાળકો પણ આકરા તડકા-વરસાદ અને ઠંડીની સામે લડી લે છે. ભાદરવાનો આકરો તડકો પડી રહ્યો છે ત્યારે આવા બાળકો પોતાના પરિવારની લારીની આસપાસ જ ક્યાંક છાંયડો શોધીને બે ઘડી આરામ ફરમાવી લે છે.

# વલસાડના યુવકે દેશ-વિદેશમાં પોતાની કળાનો ડંકો વગાડ્યો

### ગૂગલ- યુટયુબનો કર્યો ખરો સદઉપયોગ : યુવાને ગૂગલ અને યુટયુબ પરથી સ્કેચ બનાવવાનું શીખી સ્કેચ આર્ટટિસ્ટ બન્યો છે,ચિત્રકલાની જગતમાં પોતાની એક અલગ ઓળખ ઉભી કરી

વલસાડ,તા.૨૨

વલસાડ તાલુકાના નાના ગામ ખાતે રહેતા યુવાને ગૂગલ અને યુટયુબ પરથી સ્કેચ બનાવવાનું શીખી સ્કેચ આર્ટટિસ્ટ બન્યો છે, જેની ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. એટલું જ નહીં, આ યુવકે ચિત્રકલાની જગતમાં પોતાની એક અલગ ઓળખ ઉભી કરી છે. ગુજરાતના વલસાડ જીલ્લાના વલસાડ તાલુકાના ડુંગરી નજીકના માલવણ ગામમાં રહેતા યુવાન કશ્યપ ટંડેલે યુટ્યૂબ અને ગૂગલની મદદથી આર્ટટિસ્ટ બન્યો છે. મધ્ય વર્ગમાંથી આવતા આ યુવાનને નાનાપણથી ચિત્ર બનાવવાનો શોખ હતો. ત્યારબાદ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરી કરવા લાગ્યો અને સાથે રાત્રે બેસી લોકોના સ્કેચ બનાવતો ગયો. યૂટ્યૂબ અને ગુગલની મદદથી સ્કેચ બનાવવાનું શીખવાની શરૂઆત કરી હતી.

સમગ્ર દેશમાં જયારે કોરોના વાઈરસના કારણે લોકડાઉન લગાવવામાં આવ્યું તે દરમિયાન કશ્યપનો ધંધો રોજગાર બંધ થઈ ગયો હતો, ત્યારે કશ્યપે ગૂગલ અને યુટ્યુબ ઉપરથી વધુ સ્કેચ બનાવતા શીખી ૮૫ જેવા પેઈન્ટિંગ્સ બનાવ્યા હતા અને તેને ૩.૫૦ લાખ રૂપિયાથી વધુમાં વેચ્યા પણ છે જેને લઈ કશ્યપ આજે આત્મનિર્ભર બની પોતાના શોખને પોતાનો વ્યવસાય બનાવી લીધો છે. સાથે પોતાના જેમ હવે બીજા યુવાનો પણ આત્મનિર્ભર બને એ માટે કશ્યપ દ્વારા અન્ય લોકોને ઓનલાઈન અને ઓફલાઇન શીખવવામાં આવે છે. સાથે ૧૫૦ થી વધુ લોકો લોકો સ્કેચિંગ શીખવા માટે આવે છે, જેમાં અલગ અલગ રાજ્યોના યુવાનો પંજાબ હરિયાણા યુપી અને એક તો વિદેશ ન્યુઝીલેન્ડથી પણ લોકો શીખે છે. તેમની કળા દ્વારા આજીવિકા મેળવી રહ્યા છે. કશ્યપ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૪૦૦ જેટલા સ્કેચ બનાવવામાં આવ્યા છે અને દેશ સહીત વિદેશમાં પણ પોતાની કળાનો ડંકો વગાડ્યો છે.

# એએમસીનો કર્મચારી લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો

### ઢોર નહિ પકડવા ૪૫૦૦ લાંચ લેતા ઝડપાયા : ACB એ લાંચનું છટકું ગોઠવી છસ્ઝ ઢોર અંકુશ ખાતાના SI પિયુષ વ્યાસ નામના શખ્સને લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો

અમદાવાદ ,તા.૨૨

રખડતાં ઢોરના ત્રાસને લઈને અમદાવાદ મહાનગરપાલિકા તંત્ર વર્ષોથી બદનામીનો માર સહન કરી રહ્યું છે. એનક વખત લોક રોષનો પણ ભોગ બન્યું છે. છતાં પણ રખડતાં ઢોર પકડવા મામલે તંત્ર ઊણું ઉતરી રહ્યું છે. જેની પછાળ અમુક અધિકારીઓ અને કર્મચારીઓની મેલી મુરાદ પણ જવાબદાર હોય છે. ત્યારે આવા જ એક ભ્રષ્ટ AMC ના કર્મચારીને છઝ્રમ્એ દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર છસ્ઝ ને ઉધયની માફક કોરી ખાતો ભ્રષ્ટાચાર આજે ખૂલીને બહાર આવ્યો છે. AMCનો કર્મચારી લાંચ લેતા ઝડપાતા મનપાની લોબીમાં આ મામલે ચર્ચા જાગી હતી. છઝ્રમ્ એ લાંચનું છટકું ગોઠવી છસ્ઝ ઢોર અંકુશ ખાતાના SI પિયુષ વ્યાસ નામના શખ્સને લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો.

આ કર્મચારીએ ઢોર નહિ પકડવાની રૂ ૪૫૦૦ લાંચ માંગી હતી જે સ્વીકારવા જતાં છઝ્રમ્ એ તેને ઝડપી લીધો હતો.

# રવિવારે ગાંધીનગર ગુજરાતી કેથોલિક પરિવારનો વાર્ષિક પારિવારિક સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ગુજરાતી કેથોલિક પરિવાર દ્વારા આગામી તા.૨૫મી સપ્ટેમ્બર રવિવારે સાંજે ૪ કલાકે પોર-અડાલજ રોડ પરના તુલસી ફાર્મ ખાતે ૨૨, ૨૩ અને ૨૪મા વાર્ષિક પારિવારિક સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પરિવારની વેબસાઈટનું ઉદઘાટન, તેજસ્વી તારલાંઓ, નિવૃત્તો, બઢતી કે વિદેશગમન પામનાર સભ્યો તેમજ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર અને કોરોના વોરિયર્સ સભ્યોના સન્માન યોજાશે.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદે અમદાવાદના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ સુશ્રી મીની જોસેફ અને અતિથિ વિશેષ પદે અમદાવાદના વાયરલેસ પોલીસ ઈન્સ્પેક્ટર સુકેતુ વિનોદકુમાર ચાંગાવાલા તેમજ પેટલાદના સામાજિક કાર્યકર બિપીનભાઈ પરમાર ઉપસ્થિત રહેશે.

આ વાર્ષિક પારિવારિક સમારોહમાં પારિવારિક સામુહિક ગરબા ઉપરાંત સંગીતમય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીનો રજત જયંતિ' મહોત્સવ યોજાશે

સાહિત્ય અને સમાજસેવાનાં સાતત્યપૂર્ણ ૨૫ વર્ષ પૂર્ણ કરી ચૂકેલી ગુજરાતની અગ્રીમ સાહિત્ય સંસ્થા 'ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી' ના રજત જયંતિ ઉજવણી ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે તારીખ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ ને શનિવારે ખ્યાતિપ્રાપ્ત મરાઠી સાહિત્યકાર અને પેન્થર' સંસ્થાના સંસ્થાપક જ.વી. પવારની પ્રેરક ઉપસ્થિતિમાં થશે.

સવારના ૧૦ થી સાંજના ૧૮.૦૦ કલાક સુધીના પુરા દિવસ માટે આયોજિત આ રજત સમારોહનું સમ્યક સાહિત્ય પર વિશદ ચર્ચા સાથે સાથે દસ પુસ્તકોના લોકાર્પણ, દલિત સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર સર્જકોના સન્માન અને કવિ સંમેલનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

સમારોહમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ પ્રકાશ શાહ,જાણીતા સર્જકો ડો. કેશુભાઈ દેસાઈ, પ્રવીણ ગઢવી તથા પૂર્વ આઈ.પી.એસ. અધિકારીઓ ડો. રાજન પ્રિયદર્શી, સી.આર. પરમાર અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

# યુવક મૃતક યુવતીને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવતો

### આપઘાત કરનારી ૨૧ વર્ષીય યુવતી અંગે ચોંકાવનારો ખુલાસો :મૃતક યુવતીના પિતાએ એક યુવક સામે ફરિયાદ નોંધાવી

ખેડા ,તા.૨૨

ખેડા જિલ્લાના વસો પંથકમાં આવેલી એગ્રીકલ્ચર કોલેજમાં અભ્યાસ કરતી ૨૧ વર્ષીય યુવતીએ ૪ મહિના અગાઉ હોસ્ટેલમાં ગળેફાંસો ખાઈને જીવનનો અંત આણ્યો હતો. આ પ્રકરણમાં ચોકાવનારો ખુલાસો બહાર આવ્યો છે. સમગ્ર મામલે આજે મૃતક યુવતીના પિતાએ એક યુવક સામે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. આ યુવાન મૃતક યુવતી પાસે રૂપિયાની માંગણી કરતો અને નાણા ન આપે તો બંન્નેના અંગત સંબંધના ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપતો હોવાનો ખુલાસો થયો છે.અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની ૨૧ વર્ષીય યુવતી ખેડા જિલ્લાના વસો પીજ રોડ પર આવેલ કૃષિ યુનિવર્સિટીમા અભ્યાસ કરતી હતી. ગત ૧૧ મેના રોજ સાંજે તેણીએ કોઈ કારણોસર પોતાની હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ વસો પોલીસને કરવામાં આવતા વસો પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી દીધી હતી. પોલીસે આ યુવતીએ ક્યા કારણોસર આત્મહત્યા કરી તે દિશામા તપાસ હાથ ધરી હતી અને મૃતક યુવતીના સેલફોન અને લેપટોપ બન્ને કબ્જે કરી તપાસણી અર્થે એફએસએલમા મોકલ્યા હતા.ત્યારે આ મામલે નડીયાદના ડીવાયએસપી બિમલ બાજપાઈએ જણાવ્યું કે, સમગ્ર તપાસ દરમિયાન પોલીસને કેટલીક વાત શંકાસ્પદ જણાતા આ બાબતે વિગતવાર સઘન પૂછપરછ ચાલુ રાખવામાં આવી હતી. આ દરમિયાન યુવતીના પિતાને માહિતી મળેલી કે આરોપી વિરેન્દ્ર ભરતભાઈ ચૌધરી (રહે.ખતોડા, તા.વડનગર, જિ.મહેસાણા) યુવતીને મોબાઈલ પર મેસેજ કરીને પૈસાની માંગણી કરતો હતો.

# સેક્ટર-પમાં મહાકાળી માતાના મંદિરે ભવ્ય "શેરી ગરબા ૨૦૨૨"નું આયોજન

ગાંધીનગર, તા.૨૨

શક્તિ ઉપાસનાનું મહાપર્વ એટલે આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીની નવરાત.આ નવરાત્રિમાં મા જગદંબાના વાત્સલ્ય અને પ્રેમ-કરુણાનો અનુભવ સર્વવ્યાપકતા-ચૈતન્યમય ગુણોને પ્રકાશ તરફ સમસ્ત માનવજાતને નવપલ્લિત કરનાર શ્રી પરામ્બા અંબા જગદંબાની આરાધના મહોત્સવ નવરાત્રીમાં શેરી ગરબાએ સામુહિક સાંસ્કૃતિક આનંદ અને ભક્તિનું સર્વોત્તમ માધ્યમ હોવા સાથે ગુજરાતી પ્રજાનું સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ગૌરવ છે. આ બાબતને અનુલક્ષીને દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરના સેક્ટર-પબી ખાતે શ્રી મહાકાળી માતજીના મંદિરે તા. ૨૬ સપ્ટેમ્બરથી તા.૪ ઓક્ટોબર સુધી દરરોજ રાત્રે ભવ્ય પરંપરાગત "શેરી ગરબા ૨૦૨૨"નું આયોજન કરવામાં આવ્યું છે.

સે.પબીમાં શ્રી મહાકાળી માતજીના મંદિરે યોજાનાર "શેરી ગરબા ૨૦૨૨"માં ગુજરાતના જે ખ્યાતનામ કલાકારો ખેલૈયાઓ માટે રાસ-ગરબાની રમઝટ મચાવશે જેમાં પહેલા નોરતે રાકેશ બારોટ, બીજા નોરતે ખુશ્બુ આસોડિયા, ત્રીજા નોરતે વિક્રમ ઠાકોર, ચોથા નોરતે જયદીપ પ્રજાપતિ, પાંચમા નોરતે પ્રિયંકા બાસુ, છઠ્ઠા નોરતે માનસી કુમાવત, સાતમા નોરતે ધવલ બારોટ, આઠમા નોરતે કાજલ રબારી-મયુર ઠાકોર અને નવમા નોરતે રાજુ ઠાકોરનો સમાવેશ થાય છે. "શેરી ગરબા ૨૦૨૨"ના આયોજન માટે આયોજક સંસ્થા શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટના પ્રમુખ તથા ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ સહિત હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીગણ અને સે.પમાં સૌપ્રથમ શેરી ગરબાના આયોજક જાણીતા ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલ સહિતની ટીમે તમામ જવાબદારીઓ ઉપાડી છે અને ધર્મપ્રેમી તેમજ ગરબારસિક જનતાને જાહેર આમંત્રણ પાઠવ્યું છે

# તરભના વાળીનાથ મહાદેવ મંદિરના વિકાસ કરાશે,પ.૩૨ કરોડના ખર્ચે જિણોદ્ધાર થશે

### વધુ એક પ્રાચીન મંદિરનો વિકાસ કરાશે : આગામી સમયમાં અહી રોડ, યાત્રિ સુવિધા શેડ, પાર્કિંગ સહિતની વ્યવસ્થાનો વિકાસ કરવામાં આવશે

વિસનગર,તા.૨૨

ગુજરાતના પ્રાચીન મંદિરની વિકાસ યાત્રા અવિરત આગળ રહી છે. તેવામાં વધુ એક પ્રાચીન મંદિરના વિકાસ કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વનો નિર્ણય કર્યો છે. જેને લઈને રાજય સરકાર દ્વારા તરભના વાળીનાથ મહાદેવ મંદિરના વિકાસ માટે ગ્રાન્ટની ફળવણી કરવામાં આવી છે. રબારી સમાજ સહીત અઢારેય વરણના આસ્થાના પ્રતિક એવા ૯૦૦ વર્ષ જૂના મંદિરનો જિણોદ્ધાર કરવામાં આવશે. જે મંદિરના વિકાસ અને જિણોદ્ધાર માટે રૂ.પ.૩૨ કરોડની ફાળવણી કરવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે વિસનગર તાલુકાના તરભ ગામમાં શ્રી વાળીનાથ અખાડા ખાતે ૯૦૦ વર્ષ જૂનું ઐતિહાસિક મંદિર આવેલ છે. જયાં મહંત વિરમગીરી મહારાજે આ જગ્યાની પાવન ભુમિમાં પ્રથમ રબારી સમાજની ગુરૂગાદીની સ્થાપના કરી હતી. જે વાળીનાથ મંદિર રબારી સમાજની ધર્મગુરૂનું ગાદી સ્થાન છે અને રબારી સમાજના લોકો ગુરૂગાદી અને તેના આચાર્યને ભગવાનની જેમ પૂજનિય ગણે છે. આ જગ્યાના વિકાસ માટે સરકાર દ્વારા પ.૩૨ કરોડની રકમ ફાળવવામાં આવતા સમાજ આગેવાનોએ આ નિર્ણયને આવકર્યો હતો. વધુમાં આગામી સમયમાં અહી રોડ, યાત્રિ સુવિધા શેડ, પાર્કિંગ સહિતની વ્યવસ્થાનો વિકાસ કરવામાં આવશે.

# લાઈટ બિલ ભરવાના બહાને એપ્લિકેશન ડાઉનલોડ કરાવી છેતરપિંડી કરતી ગેંગ જબ્બે

### સાયબર ક્રાઈમની નવી મોડસ ઓપરેન્ડી : હાલમાં પકડાયેલ આરોપીની પુછપરછ કરતા સામે આવ્યુ કે, સાવન જિગ્નેશને દર મહિને ૪૫ હજાર પગાર આપી આ કામ કરાવતો હતો

અમદાવાદ,તા.૨૨

લાઈટ બિલ ભરવાના બહાને એપ્લિકેશન ડાઉનલોડ કરાવી છેતરપિંડી કરતી ગેંગના એક આરોપીની સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે.

ઝડપાયેલ આરોપી છેતરપિંડીની રકમથી સોનુ ખરીદવા ગયો જેના આધારે પોલીસે તેની ધરપકડ કરવામાં આવી છે. જોકે ઝડપાયેલ આરોપી માત્ર અમુક રૂપિયાની લાલચે જ ગેરકાયદેસરના ધંધામાં જોડાયેલો પણ મુખ્ય આરોપીની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીનુ નામ જિગ્નેશ નાવડીયા છે. જે સુરતનો રહેવાસી છે પરંતુ ઓનલાઈન છેતરપિંડી કરતી ગેંગનો એક ચહેરો પણ છે. કેમ કે સાયબર ક્રાઈમ કરનાર આરોપી તો પોલીસ સામે નથી આવતા પરંતુ ઝડપાયેલ આરોપી છેતરપિંડીની રકમથી સોનુ કે દાગીના ખરીદતો હતો. એટલે કે છેતરપિંડીની રકમ બજારમાં વાપરવા માટે ઝડપાયેલ આરોપી જિગ્નેશ ફરતો હતો. જેની સાયબર ક્રાઈમે સુરતથી ધરપકડ કરી છે.

ઉલ્લેખનીય છે કે સાયબર ક્રાઈમને એક ફરિયાદ મળી હતી કે, ૧૦ રૂપિયાનું લાઈટ બિલ બાકી હોવાની વાત કરી ફોન પર જ કનેક્શન કપાઈ જવાની ધમકી આપતો. આ ડરથી ફરિયાદી એ એપ્લિકેશન ડાઉનલોડ કરી ૬ લાખની છેતરપિંડી થઈ ગઈ. બીજી તરફ પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી કરતા ગુનાનો મુખ્ય આરોપી સાવન ગઢીયા રૂપિયાના આધારે સોનુ કે દાગીના ખરીદી કરાવતો. પણ હાલમાં પકડાયેલ આરોપીની પુછપરછ કરતા સામે આવ્યુ કે, સાવન જિગ્નેશને દર મહિને ૪૫ હજાર પગાર આપી આ કામ કરાવતો હતો.

સાયબર ક્રાઈમે આરોપી જિગ્નેશની ધરપકડ કરી તપાસ હાથ ધરી ત્યારે સામે આવ્યુ કે આરોપી છેલ્લા ૬ મહિનાથી આ કામ કરતો હતો અને ન માત્ર અમદાવાદના ગુના પરંતુ અન્ય ગુનાની રકમ પણ તેણે આવી રીતે વાપરી છે.જેથી આરોપી ક્યાં ક્યાં રૂપિયા રોકાણ કરતો હતો અને કોની મદદથી તે અંગે તપાસ હાથ ધરી છે. સાથે જ સાવનની ધરપકડ માટે અન્ય જિલ્લાની પોલીસની પણ મદદ લેવામાં આવી રહી છે.